Registration No.: CC-LC/173/2023
Filing No. : CC-LC/173/2023
Filed On : 29/12/2023
Registered On : 29/12/2023
Decided on : 06/07/2026
Duration : dd-08/mm-06/yy-02

**મે. લેબર કોર્ટ આણંદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી. આણંદ**

**CRIMINAL CASE NO.173 OF 2023**
**OLD CRIMINAL CASE NO.4595/2015**

CC-LC/173/2023 **Exh.11**

**ફરીયાદી :**

1. નામ. સરકારશ્રી તરફે શ્રી એ.એ.દાયમા, સરકારી શ્રમ અધિકારી અને લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ અન્વયેના નિરીક્ષકશ્રી, બોરસદ ચોકડી પાસે, જીલ્લા સેવા સદન, ૩૦૫, ત્રીજો માળ, આણંદ

**વિરૂધ્ધ**

**આરોપી :**

1. શ્રી પ્રિતેશભાઈ પટેલ – માલિક ગોકુલ ઈન્ટરનેશનલ, ત્રીજો માળ, વૈભવ ટાવર, આણંદ-વિદ્યાનગર રોડ, આણંદ

**ફરીયાદી તરફે – વિ. એ.પી.પી.શ્રી હાજર.**
**આરોપી તરફે – જાતે તથા વિ. વકીલશ્રી આર.ટી.શાહ હાજર.**

**ગુનો : લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ના નિયમ-૨૬ તથા ૨૧(૧)(આઈ)(ક)ના ભંગ બદલ.**

**: ચુકાદો :**

(૧) ફરીયાદીના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામમાં ફરીયાદી તે જાહેર સેવક છે અને તેઓએ તા. ૧૬/૦૯/૨૦૧૫ના રોજ ઉપરોક્ત સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધેલ ત્યારે સદર આરોપીએ લઘુત્તમ વેતન અધિનિયમની કલમ-૧૮ અનુસાર સંસ્થાએ શ્રમિકોના પગારમાંથી બિન અધિકૃત રીતે કપાત કરી નિયમ-૨૬ તથા શ્રમયોગી શ્રી ભૈરવ સી.પટેલને માહે ઓગષ્ટ-૨૦૧૫ના સમયનું વેતન ઠરાવેલ સમયમાં ન ચુકવી નિયમ-૨૧(૧)(આઈ)(ક)નો ભંગ કરી ૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૫૭ના અધિનિયમ નં. ૩૦થી સુધાર્યા મુજબની કલમ-૨૨(એ) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે.

ADDI.CHIEF JUDICIAL MEGISTRATE
(Judge) (S.D.)
LABOUR COURT, ANAND.

(૨) સદર કેસ એડી. જ્યુ. મેજી. ફ.ક.કોર્ટ, આણંદના ઓફીસ ઓર્ડર નં. ક્રીમી./ટી/૮૦/ ૨૦૨૩, તા. ૧૪/૧૨/૨૦૨૩ અન્વયે અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થઈ આવતાં સને ૨૦૨૩ના વર્ષના નવા નંબરથી સદર કેસ રજીસ્ટરે લઈ આરોપીને ફરીયાદીની ફરીયાદ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૦૪ મુજબ ફરીયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) આરોપીને સમન્સ બજી જવા છતાં હાજર ન રહેતાં આરોપીને વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ, જેથી આજરોજ આરોપી તથા તેમના વિ. વકીલશ્રીએ હાજર થઈ આંક : ૮થી વોરંટ રદની અરજી આપતાં આંક : ૮ લગત હુકમ કરી વોરંટ રદ કરેલ છે અને તેઓને ફરીયાદ તથા સાથેના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ છે અને ત્યારબાદ ભારતીય ફોજદારી અધિનિયમની કલમ-૨૫૧ મુજબ ગુનાની વિગત જણાવી ગુના કબુલાત અંગે પુછતાં આરોપીની આંક : ૯થી પ્લી નોંધવામાં આવેલ છે જેમાં પોતાના વિરૂધ્ધનો ગુનો કબુલ રાખતા હોવાની કબુલાત આપેલ છે. ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૫૨ અન્વયેની સ્વૈચ્છીક ગુના કબુલાત પુરસીસ અન્વયે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને ગુનો કબુલ કરશે તો આ કબુલાત તેઓના વિરૂધ્ધમાં પુરાવા તરીકે ઉપયોગમાં લેવામાં આવશે તેવી સમજ કરેલ છે.

(૪) આરોપીએ હાલની ફરીયાદ અન્વયેનો ગુનો કોઈપણ પ્રકારની લાલચ, પ્રલોભન કે દબાણ વિના સ્વૈચ્છીક કબુલાત પુરસીસ રજુ કરેલ હોય ભવિષ્યમાં ગુનાહીત પ્રવૃત્તિમાં સંડોવાશે નહીં તેવી ખાતરી આપેલ છે અને થયેલ ગુના અંગે પારાવાર પસ્તાવો કરી કાયદામાં ઠરાવેલ ન્યુનત્તમ સજા કરવા વિનંતી કરી આંક : ૧૦થી સ્વૈચ્છીક ગુના કબુલાત પુરસીસ રજુ રાખેલ છે.

(૫) આ કામે આરોપીએ પોતાની સામેના ગુનાની હકીકત તથા સજાની જોગવાઈ કાયદામાં ઠરાવેલ

છે તે જોવામાં આવે તો હાલના આરોપીએ ૧૯૪૮ના લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૫૭ના અધિનિયમ નં. ૩૦થી સુધાર્યા મુજબ નિયમ–૨૬ તથા નિયમ–૨૧(૧)(આઈ)(ક)નો ભંગ કરી સદર અધિનિયમની કલમ–૨૨(એ) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોય કેસની હકીકત, કાયદામાં ઠરાવેલ સજાની જોગવાઈ, ગુનાનો પ્રકાર તથા આરોપીઓની ગુના અંગે આપેલ સ્વૈચ્છીક ગુનાની કબુલાત પુરસીસમાં જણાવેલ હકીકતોને ધ્યાને લેતાં **નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫(૧), જીએલઆર, પાન નં. ૭૦૯**ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં આરોપીઓને વ્યાજબી અને ઓછો દંડ કરી ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે તક આપવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કર્યો.

**–: <u>હુકમ</u> :–**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૨ મુજબ લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૫૭ના અધિનિયમ નં. ૩૦થી સુધાર્યા મુજબની કલમ–૨૨ (એ) મુજબના ગુના સંદર્ભે તકસીરવાન ઠરાવીને નિયમ–૨૬ના ભંગ બદલ રૂા. ૨૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. દંડ ન ભરવાના કસુર બદલ દિન–૧૫ની સાદી કેદની સજાનો હુકમ કર્યો.

(૨) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૨ મુજબ લઘુત્તમ વેતન અધિનિયમ, ૧૯૫૭ના અધિનિયમ નં. ૩૦થી સુધાર્યા મુજબની કલમ–૨૨ (એ) મુજબના ગુના સંદર્ભે તકસીરવાન ઠરાવીને નિયમ–૨૧(૧)(આઈ)(ક)ના ભંગ બદલ રૂા. ૨૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. દંડ ન ભરવાના કસુર બદલ દિન–૧૫ની સાદી કેદની સજાનો હુકમ કર્યો.

(૩) આરોપીએ જરૂરી નિયમોની ક્ષતિની પૂર્તતા કરી દિન–૩૦માં સંબંધિત કચેરીને જાણ કરવી.

(૪) આરોપીએ કુલ રૂા. ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) દંડ ભરવો.

(૫) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજરોજ તા. ૬ઠ્ઠી, માહે જુલાઈ, સને ૨૦૨૬ના રોજ આણંદ મુકામે ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date : 06/07/2026**
**Place : ANAND**

**Mr. MEHUL DEVDASBHAI PARMAR**
**GJ01036**
**ADDI.CHIEF JUDICIAL MEGISTRATE**
**(Judge) (S.D.)**
**LABOUR COURT, ANAND.**

K.K.PRANKADA : PA

ADDI.CHIEF JUDICIAL MEGISTRATE
(Judge) (S.D.)
LABOUR COURT, ANAND.